| NAVSARI AGRICULTURAL UNIVERSITY | **કૃષિ મહાવિદ્યાલય, વઘઈ**<br>નવસારી કૃષિ યુનિવર્સિટી<br>મુ.પો. વઘઈ, તા.વઘઈ, જિ.ડાંગ, પીન–૩૯૪ ૭૩૦ | COLLEGE OF AGRICULTURE WAGHAI |
| --- | --- | --- |
| ડૉ.અજય પી. પટેલ,<br>**આચાર્ય** | ફોન નં : ૦૨૬૩૧– ૨૯૬૬૪૧<br>Email:-caw@nau.in | |


## વાહન (બસ) ભાડે રાખવા અંગેની જાહેરાત

કૃષિ મહાવિદ્યાલય અને કૃષિ પોલીટેકનીક, વઘઈ(ડાંગ) ખાતે વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવૃતિના ભાગ રૂપે રાવે–ફીલ્ડટ્રીપ, કલ્ચરલ, રમત–ગમત, શૈક્ષણિક પ્રવાસ, તથા અન્ય શૈક્ષણિક કાર્યક્રમ માટે વિદ્યાર્થીઓને જવા–આવવા માટે ૫૬ સીટર બસ ભાડુતી વાહનની વર્ષ ૨૦૨૫ –૨૬ માં ભાડે રાખવા જરૂરીયાત હોય તો રસ ધરાવતી પાર્ટીઓ પાસે બસ ભાડે આપવા માટેના પ્રતિ કી.મી. અને એક દિવસના ઓછામાં ઓછા ગણવાપાત્ર કિલોમીટરના દર અત્રેની કૃષિ મહાવિદ્યાલયને સીલબંધ કવરમાં **તા.૧૯ / ૦૯ / ૨૦૨૫** સુધીમાં મળી જાય તે રીતે ટપાલ/કુરીયર મારફતે **આચાર્યશ્રી, કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ., વઘઈ(ડાંગ)** ને મોકલી આપવાના રહેશે. ભાવ ભરવા માટેની શરતો અને બોલીઓ યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in ઉપર મળી રહેશે.

**સહી/– આચાર્ય**

સ્થળ:–વઘઈ

**નવસારીકૃષિ યુનિવર્સિટી**

**કોલેજ ઓફ એગ્રીકલ્ચર, વઘઈ – ૩૯૪ ૭૩૦**

**–:: ખાનગી ટ્રાવેલ્સની ભાડાની બસ/ વાહન માટેની શરતો ::–**

| | |
|---|---|
| 1. | કોલેજ ઓફ એગ્રીકલ્ચર (ડીગ્રી) અને પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ/ફિલ્ડ ટ્રીપ/રમત–ગમત/કલ્ચરલ/રાવે પ્રોગ્રામ વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન કરવાનો રહેશે. |
| 2. | ડીગ્રી અને પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ/ફિલ્ડ ટ્રીપ/રમત–ગમત/કલ્ચરલ પ્રોગ્રામ નકકી થયે અગાઉથી જણાવેલ તારીખે સવારના ૫.૦૦ કલાકે/જેતે દિવસે જણાવેલ સમયે બસ / વાહન વઘઈ સ્થળ પર હાજર થઈ જવાનું રહેશે. |
| 3. | શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સત્તા આચાર્યશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ટુર લીડરને રહેશે. |
| 4. | જરૂર જણાય ત્યાં રાત્રી દરમ્યાન પ્રવાસ કરવાનો રહેશે/તથા રાત્રી રોકાણ પણ કરવાનું રહેશે. |
| 5. | મુસાફરી દરમ્યાન મુશ્કેલી ન પડે તેના માટે સારામાં સારી કંડીશનવાળી,નોન એસી ૫૬ સીટર પુશબેક બસની વ્યવસ્થા કરવાની રહેશે. જે તે વિસ્તારના રસ્તાના જાણકાર અને અનુભવી બસ ડ્રાયવર બેઝ લાયસન્સ ધરાવતા એક ડ્રાયવર અને એક કલીનર સાથે ફાળવવાના રહેશે. |
| 6. | મુસાફરી દરમ્યાન બસ / વાહન વગેરે બગડી જાય તો તાત્કાલીક આપના ખર્ચે રીપેરીંગ/રીપ્લેસ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાનો રહેશે. |
| 7. | ડ્રાયવર–કલીનરને અમારી સંસ્થા તરફથી જમવા કે અન્ય કોઈ ખર્ચ કે વ્યવસ્થા આપવામાં આવશે નહી. |
| 8. | આ પ્રવાસમાં લગેજ ઢાંકવા માટે તાડપત્રી અથવા લગેજ બગડે નહી તેની વ્યવસ્થા ટ્રાવેલ એજન્ટે કરવાની રહેશે. |
| 9. | સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાડી પાર્કીંગ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પુલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, એન્ટ્રી ટેક્ષ, પોલીસ એન્ટ્રી, પર્મીટ ચાર્જ, બળતણ ખર્ચ, રીપેરીંગ ખર્ચ તથા અન્ય સદર પ્રકારનો ખર્ચ ટ્રાવેલ કંપનીએ નિભાવવાનો રહેશે. |
| 10. | પ્રવાસ દરમ્યાન વિદ્યાર્થીઓ અને તેમની સાથે જોડાનાર કર્મચારીઓનું લીસ્ટ આર.ટી.ઓ.પાસે જે તે ટ્રાવેલ્સ કંપનીએ પોતાના ખર્ચે પાસ કરાવવાનું રહેશે. |
| 11. | નાણાંની ચૂકવણી ભાવ પત્રકમાં દર્શાવેલ ભાવ તેમજ શરતો પ્રમાણે જ ચૂકવવામાં આવશે. તથા કિ.મી. ની ગણતરી વઘઈ કૃષિ મહાવિદ્યાલય થી બસ/ વાહન ઉપડે ત્યારથી પરત બસ વઘઈ કૃષિ મહાવિદ્યાલય પહોંચે ત્યાં સુધીની જ કરવામાં આવશે. |
| 12 | પ્રવાસની શરૂઆત કરતાં પહેલાં જે તે બસની આર.સી.બુક, ઈન્સોરન્સ લેટર, પી.યુ.સી. ની કોપી, વાહન ચાલકના ડ્રાઈવીંગ લાઈસન્સની કોપી તથા બેઝ નંબરની વિગત કચેરીમાં રજૂ કરવાની રહેશે. |
| 13. | બસ / વાહન માં મ્યુજીક પ્લેયર ચાલુ હાલતમાં હોવું જરૂરી છે. |
| 14. | વાહન ચાલકનો વ્યવહાર ટુર લીડર તથા વિદ્યાથીર્ઓ સાથે સુમેળભર્યો હોવો જરૂરી છે. |
| 15. | વાહન ચાલક તથા કલીનર કોઈપણ જાતના માદક દ્રવ્યોના વ્યસનથી મુકત હોવા જરૂરી છે. |
| 16. | સીટની કન્ડીશન તેમજ બારીના પડદા સારી હાલતમાં હોવા જરૂરી છે. |
| 17. | જે બસ મુસાફરી માટે ભાડે આપવાની થાય તેનું ફીઝીકલ વેરીફીકેશન કરાવવું જરૂરી છે. |
| 18. | જે તે બસનું ફીટનેશ સર્ટીફીકેટ હોવું જરૂરી છે. |
| 19. | ફાયર સેફટી સાધન તથા ફર્સ્ટ એડ બોક્ષ બસમાં હોવા જરૂરી છે. |
| 20. | ઉપરોકત તમામ બાબતોમાં આરટીઓ તથા સરકારશ્રી ના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે |
| 21. | કોઈપણ પ્રકારના મતભેદો/તકરારના નિવારણ માટે નવસારીની જુડીશયલની હદ માન્ય રાખવાની રહેશે. |

સંપર્ક નંબરઃ– કચેરી :–(૦૨૬૩૧–૨૯૬૬૪૧,૯૯૭૯૬૭૪૭૪૮,**૯૯૯૮૭૪૭૩૨૯**)

**આચાર્ય**

**કૃષિ મહાવિદ્યાલય,**

**નવસારીકૃષિ યુનિવર્સિટી,**

**વઘઈ(ડાંગ).**